## તા. ૨૪-૦૯-૨૦૧૮ થી તા. ૩૦-૦૯-૨૦૧૮ સુધીની સારી કામગીરી

(1) *પર પ્રાંતીય ઇગ્લીશ દારૂની બોટલો સાથે એક ઇસમને ઝડપી પાડતી લોધીકા પોલીસ

પ્રેસ નોટ *

મહેરબાન રાજકોટ ગ્રામ્યના પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબની સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક સાહેબ ડી.એમ.ચોહાણ ના માર્ગદશન હેઠળ દારૂ જુગારની બદીને સંપુર્ણપણે નેસ્તનાબુદ કરવા માટે જીલ્લામાં પ્રોહી ડ્રાઇવ રાખી કામગીરી કરવા અંગે સુચના આપેલ હોય જે સુચના અને માર્ગદશર્ન હેઠળ આજરોજ લોધીકા પો.સટેના પો.સબ.ઇન્સ એચ.પી.ગઢવી સા. તથા પ્રો.એ.એસ.આઇ સુરભીબેન કેશવાલા તથા એ.એસ.આઇ ગજરાસીંહ ચંદુભા તથા પો કોન્સ લગધીરસીંહ ભીખુભા તથા વિનોદભાઇ હકુભાઇ તથા શિવભદ્રસીંહ બાપાલાલ એમ બધા પો.સટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ પ્રો.એ.એસ.આઇ સુરભીબેન કેશવાલા ની ચોકકસ હકીકત આધારે માખાવડ ગામની સીમમાં આવેલ જાદવભાઇ રણછોડભાઇ અમીપરાની વાડીએ રેઇડ કરતા વાડીએ ખેતમજુરી કરી રહેતો ઇસમ હતરશીગ મોમદીયાભાઇ વસુનીયા જાતે આદીવાસી ઉવ ૨૮ રહે હાલ માખાવડ ગામની સીમમાં તા.લોધકા મુળ રહે ખંડાલારાવ ગામ એમ.પી. વાળો પર પ્રાતંય ઇગ્લીશ દારૂ રોયલ સીલેકટ ડીલકસ વ્હીસકી ૭૫૦ એમ એલ ની બોટલો નંગ ૩૨ કિ રૂ. ૯૬૦૦/- સાથે મળી આવતા જેને સામે ધોરણસર કાર્યવાહી કરેલ છે અને આગળની તપાસ લોધીકા પો.સ્ટેના પ્રો.એ.એસ.આઇ સુરભીબેન કેશવાલાનાઓ તપાસ ચલાવી રહયા છે

(2) પ્રેસનોટ

મ્હે પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી ગોંડલ ડિવિઝન ડી એમ ચૌહાણ સાહેબની સુચના મુજબ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી જુગાર અંગેની બદીને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા સુચના આપેલ હોય જે અન્વયે પડધરી પોસ્ટેના પો. સબ ઇન્સ શ્રી જે વી વાઢિયા તથા સ્ટાફે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન નીચે મુજબની ધોરણસરની કાર્યવાહી કરેલ છે

(1) કુલદિપસિંહ તમુભા ઝાલા રહે. જામનગર વાળાને એકસેસ મો.સા. કી રૂ. 15000/- તથા મોબાઈલ નં ર કિ.રૂ. 1500/- તથા પરપ્રાંતીય ઇંગ્લિશ દારૂની બોટલ નં 23 કિ.રૂ. 6900/- મળી કુલ રૂ 22500/- સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરેલ છે.

(2) પડધરી ટાઉન માંથી સલીમભાઈ અમદભાઇ મેમણ રહે. પડધરી વાળાને વરલી ફીચરના સાહિત્ય તથા રોકડા રૂ. 6050/- મોબાઈલ નં 1 કિ રૂ. 1000/- મળી કુલ રૂ 7050/- ના મુદામાલ સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામગીરીમાં પો.સબ.ઇન્સ શ્રી જે. વી. વાઢીયા તથા પો કોન્સ યુવરાજસિંહ, જયેન્દ્રસિંહ મહિપતસિંહ, પ્રભાતભાઈ, ડ્રા. અનુભા વિગેરે જોડાયા હતા

**(3) --ઃઃ જસદણ પોલીસ સ્ટેશન ઃઃઃ--- ---ઃઃ સારી કામગીરી ઃઃઃ---**

**આજરોજ પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી ડી.એમ.ચૌહાણ સાહેબ ગોંડલ વિભાગ ગોંડલ નાઓદ્રારાઅપહરણના ગુન્હામાં ભોગ બનનાર તથા આરોપીને શોધી કાઢવા તથા ભોગ બનનારને પરત મેળવવા અંગે સઘન પ્રયાસો કરવા બાબતે કડક સુચના થઇ આવેલ હોય જે અંગે જસદણ પોલીસ સ્ટેશન ફર્સ્ટ**

**ગુ.ર.નં.૬૯/૨૦૧૮ આઇ.પી.સી. કલમ-૩૬૩,૩૬૬,૩૭૬,તથા પોકસો એકટ ક.૫(એલ),૬મુજબના કામેના ભોગ બનનાર તથા આરોપી મળી આવ્યે આરોપી ખોડાભાઇ ખેતાભાઇ ડાભી જાતે લુવારીયા ઉ.વ.૨૩ ધંધો-મજુરી રહે. હાલ ભાડલા તા.જસદણ જી.રાજકોટ મુળ ગામે અમરેલી શિતલરોડ ગાયત્રીમંદીર પાછળ કવાર્ટરમાં જી.અમરેલીવાળાને અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ કરેલ છે.**

(4) આટકોટ ના મોટા દળવા ગામે થી બે ગુન્હા નો નાસતો ફરતો આરોપી ઝડપી પાડતી આટકોટ પોલીસ

રાજકોટ ગ્રામ્ય SP શ્રી બલરામ મીણા સાહેબ ની સૂચનાથી તથા ગોંડલ dyspડી.એમ.ચૌહાણ સાહેબ ના માર્ગદર્શન હેઠળ આટકોટ પો.સ્ટે.ના.ઈન્ચાર્જ PSI વી.કે.ગોલવેલકર સાહેબ તથા પ્રો. Asiધર્મીષ્ઠાબેન માંઢક તથાHcરસિકભાઈ તથા Pc ખોડાભાઈ તથા PC દશરથભાઈ આટકોટ વિસ્તાર માં પેટ્રોલિંગ માં હતા દરમિયાન

(1) II ગુ.ર.ન. 3052/18 IPC કલમ 323 504 506(2) 427 GP એકટ 135 તથા

(2) I 48/18 IPC 323 504 506(2) 327 427 મુજબ નો આરોપી મનુભાઈ ભીખાભાઇ સાટોડિયા રહે મોટા દડવા વાળા ને અટક કરી આટકોટ પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી........

(4) પ્રેસનોટ

મેલુ કાઢવાના બહાને છેતરપીડી/ઠગાઈ કરતી ટોળકીને પકડી પાડતા નાયબ પોલીસ અધીક્ષક શ્રી જેતપુર વીભાગ તથા જેતપુર તાલુકા પોલીસ ની ટીમ

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધીક્ષક શ્રી બલરામ મીણા સાહેબ નાઓ તરફથી રાજકોટ ગ્રામ્ય વિસ્તાર માંથી થયેલ છેતરપીડી તેમજ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ અટકાવવા સારૂ તેમજ અનડીટેક ગુન્હાઓ શોધી કાઢવા મળેલ સુચના અનુસંધાને શ્રી ના.પો.અધી. જે.એમ.ભરવાડ સા. જેતપુર ના ઓના સિધા માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ. પી.જે. બાંટવા તથા પો.સબ.ઈન્સ.આર.એલ.ગોયલ તથા પો.હેડ.કોન્સ. ભુરાભાઇ હીરાભાઇ તથા પો.હેડ.કોન્સ. મહીપાલસીંહ ચુડાસમા તથા પંકજસીંહ જાડેજા તથા પો.કોન્સ. દિનેશભાઈ ખાટરીયા તથા પો.કોન્સ નીલેશભાઇ ડાંગર તથા પો.કોન્સ. રાજુભાઈ શામળા એ રીતે ના પોલીસ સ્ટાફ ના માણસો પેટ્રોલીગમા હતા તે દરમ્યાન પેઢલા ગામ પાસે આવતા સાથેના પો.હેડ.કોન્સ. મહીપાલસીંહ ચૂડાસમા તથા પો.કોન્સ. દિનેશભાઈ ખાટરીયા નાઓને ખાનગી રાહે ચોક્સ બાતમી હક્કિકત મળેલ કે ત્રણ ઇસમો શંકાસ્પદ ચોરીનો મુદામાલ લઇ ઉમરકોટ ગામ થી જેતપુર તરફ વેચવા માટે જવાના છે તેવી હક્કીકત મળતા પેઢલા બસ સ્ટેશન પાસે સદરહુ હકીકત બાબતે વોચમા હતા તે દરમ્યાન ઉપરોક્ત હકીકત વાળા ત્રણેય ઈસમો આવતા તેને રોકી તેનુ નામ ઠામ પુછતા નં (૧) ભીખુનાથ ઉર્ફે ભીખો ચતુરનાથ પરમાર જાતે નાથબાવા ઉ.વ. ૩૩ ધંધો ડ્રાઈવીગ રહે. ઉમરકોટ તા. ધોરાજી જી. રાજકોટ તથા સદરહુ મો.સા. મા વચ્ચે બેસેલ તે ઈસમનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ (૨) જગદીશનાથ કેશવનાથ મુરીયાણા જાતે નાથબાવા ઉ.વ. ૨૨ રહે. ખારચીયા(શહીદ) તા. ઉપલેટા જી. રાજકૉટ તેમજ સસ્દરહુ મો.સા. મા પાછળ બેઠેલ ઇસમનુ નામ પુછતા પોતે પોતાનુ નામ (૩) મહેશનાથ ઝવેરનાથ પરમાર જાતે નાથબાવા ઉવ.૩૪ ધંધો છુટક મજુરી તથા ડ્રાઇવીંગ

રહે. હાલ ખારચીયા (શહીદ) તા.ઉપલેટા મુળ રહે. તરઘડી તા.પડધરી જી.રાજકોટ વાળાને પક્ડી પાડી તેની પાસેથી નીચે મુજબનો મુદામલ કબજે કરેલ છે.

જેમા સોનાની અલગ અલગ ચીજવસ્તુઓ જેનો કુલ વજન ૪૦.૩૮૦ ગ્રામ કિ.રૂ. ૯૫૭૦૦/- તથા રોકડ રૂ. ૪૧૦૦/- તથા હોન્ડા ડ્રીમ યુગા મો.સા. રજી નં જી.જે. ૦૩ જે.એ. ૦૬૩૭ જેની કી.રૂ. ૪૦,૦૦૦/- ગણી કુલ કિ.રૂ. ૧,૩૯,૮૦૦/- સાથે મળી આવેલ. જેથી તેઓની પુછપરછ કરતા અલગ અલગ જીલ્લાઓમા અલગ અલગ જગ્યાએ છેતરપીડી ની કબુલાત આપતા હોય જેની વીગત નીચે મુજબ છે.

(૧) આજથી આશરે સાતેક દીવસ પહેલા ચોટીલાથી અમદાવાદ જતા ચોટીલાથી પાંચેક કી.મી. આગળ મારવાડીની હોટલમાં ઉપરોક્ત એમ.ઓ. થી રોકડ રૂ. ૧૧,૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૨) આજથી સાતેક દીવસ પહેલા આરોપી નં. ૧ તથા ૩ નાએ સુરેન્દ્રનગરમાં ડોળીયા બાઉન્ડ્રી પાસે આવેલ પેટ્રોલપંપની બાજુમા આવેલ હોટલ ઉપરોક્ત એમ.ઓ. થી રોકડ રૂ. ૭૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૩) આજથી સાતેક દીવસ પહેલા આરોપી નં. ૧ તથા ૩ નાએ આણંદથી વડોદરા રોડ પર આવેલ મારવાડીની હોટલ માં ઉપરોક્ત એમ.ઓ. થી રોકડ રૂ. ૫૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૪) આજથી સાતેક દીવસ પહેલા આરોપી નં. ૧ તથા ૩ નાએ અંકલેસ્વર સીટીમા લેડીઝના કપડા પહેરી અને રેલ્વે સ્ટેશનની પાછળ ના વિસ્તારમાં એપાર્ટમેંટ મા ત્રીજા ચોથા માળે આવેલ મકાનમાં ઉપરોક્ત એમ.ઓ. થી એક સોનાનો ચેન તથા સોનાની એક બુટી તથા રોકડ રૂ. આશરે ૧૬૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૫) આજથી સાતેક દીવસ પહેલા આરોપી નં. ૧ તથા ૩ નાએ અંકલેસ્વર સીટીમા સુરત રોડ પર આવેલ સોસાયટીમાં રહેણાક મકાનમાં ઉપરોક્ત એમ.ઓ. થી સોનાનો ચેન નંગ -૧ તથા એક સોનાની વીટી તથા રોકડ રૂ. આશરે ૫૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી

(૬) આજથી સાતેક દીવસ પહેલા આરોપી નં. ૧ તથા ૩ નાએ લેડીઝના કપડા પહેરીને ભરૂચમાં રેલ્વે સ્ટેશન ની બાજુમા એકાદ કી.મી. આગળ ના વિસ્તારમા બપોરના અગીયાર વાગ્યાના અરસામા એક મહીલા તથા પુરૂષ તેના ધરે હાજર હતા. તેને ઉપરોક્ત એમ.ઓ. થી એક સોનાનુ મંગલસુત્ર તથા એક સોનાની વીટી તથા સોનાનુ એક પેન્ડલ તથા રોકડ આશરે રૂ. પાંચેક હજાર ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૭) આજથી દોઢ વર્ષ પહેલા આરોપી નં.૧ એ નડીયાદ શહેરમાં આણંદ રોડ પર આવેલ કેનાલની બાજુમા રહેલ સોસાયટી મા મકાનમા ઉપરોક્ત એમ.ઓ.થી એક મહીલા પાસેથી સોનાની બંગડીની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૮) આજથી દોઢ વર્ષ પહેલા આરોપી નં. ૩નાએ ખંભાળીયામાં રેલ્વે ફાટક પહેલા જમણી સાઈડમાં એપાર્ટમેન્ટમાં ઉપરોક્ત એમ.ઓ. થી ત્રણ સોનાની વીટી તથા એક મંગલસુત્ર તથા રોકડ રૂ. ૪૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૯) આજથી એક વર્ષ પહેલા આરોપી નં.૩ નાએ મહેસાણા ઉંઝા રોડ પર આવેલ રહેણાંક મકાનમાંથી એક મહીલા તથા એક પુરૂષ હાજર હોય તેની પાસેથી ઉપરોક્ત એમ.ઓ. થી એક સોના નો ચેન તથા એક સોનાની વીટી ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૧૦) આજથી એક વર્ષ પહેલા આરોપી નં.૩ નાએ મહેસાણા વીસનગર રોડ પર આવેલ રહેણાક મકાનમાંથી ત્રણ મહીલા પાસેથી ઉપરોક્ત એમ.ઓ. થી સોનાની ત્રણ વીટીઓ તેમજ રોકડ રૂ. ૧૦,૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૧૧) આજથી એક વર્ષ પહેલા આરોપી નં.૩ નાએ વીસનગર સીટીમાંથી રહેણાક મકાનમાંથી એક મહીલા તથા એ પુરૂષ પાસેથી ઉપરોક્ત એમ.ઓ. વડે એક સોનાની બંગડી તથા એક સોનાની બુટીની જોડી તથા રોકડ રૂ. ૭૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૧૨) આજથી પાંચેક મહીના પહેલા આરોપી નં.૩ નાએ વડોદરા રેલ્વે સ્ટેશનની પાછળ ના વીસ્તાર માં મકાનમાંથી એક મહીલા તથા એક પુરૂષ પાસેથી ઉપરોક્ત એમ.ઓ. થી સોનાનુ એક બ્રેસ્લેટ તથા રોકડ રૂ. ૧૧,૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૧૩) આજથી પાંચેક મહીના પહેલા આરોપી નં.૩ નાએ નળીયાદ રેલ્વે સ્ટેશનની પાસે આવેલ ગરનાળા પાસેથી મકાનમાંથી ઉપરોક્ત એમ.ઓ. થી એક મહીલા તથા પુરૂષ પાસેથી સોનાનો એક ચેન તથા રોકડ રૂ. ૪,૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૧૪) આજથી પાંચેક મહીના પહેલા આરોપી નં.૩ નાએ સુરત બલુન રોડ પર મકાનમાંથી ઉપરોક્ત એમ.ઓ. થી બે મહીલા  પાસેથી સોનાનો એક બૂટીની જોડી તથા એક સોનાની વીટી તથા રોકડ રૂ. ૫૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૧૫) આજથી પાંચેક મહીના પહેલા આરોપી નં.૩ નાએ સુરત બલુન રોડ પર મકાનમાંથી ઉપરોક્ત એમ.ઓ. થી એક મહીલા તથા એક પુરૂષ પાસેથી સોના ની બે વીટી તથા રોકડ રૂ. ૩૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

(૧૬) આજથી પાંચેક મહીના પહેલા આરોપી નં.૩ નાએ સુરત કીનારી ટોકીજની બાજુમા આવેલ મકાનમાંથી ઉપરોક્ત એમ.ઓ. થી એક મહીલા પાસેથી ચાંદીના બે જોડી સાંકળા તથા રોકડ રૂ. ૧૦૦૦/- ની ઠગાઈ/છેતરપીડી કરેલ હતી.

આરોપીનો એમો  – ધરમા મેલુ/ નજર છે તેમ કહી ધરમા સારૂ કરવા માટે ઉતાર કાઢવો પડશે તેમ કહી પાણી ના ગ્લાસ મંગાવી ગ્લાસમા મીઠુ, મરચુ તથા કંકુ નાખી ઉતાર પોતે પી જઈ બાદ ચુંદડી, ધી ના પૈસા આપવા પડશે અને પૈસા ના હોય તો તે કીમતના દાગીના આપવા પડશે અને આ ચુદડી, ધી, તેમજ આપેલ પૈસા/દાગીના લઈ સ્મશાન મા જઈ શુધ્ધ કરવા જોશે તેમ કહી શુધ્ધ કરવાના બહાને છેતરપીડી/ઠગાઈ કરી ગુન્હા કરેલ છે.

આરોપીનો ગુન્હાહીત ઈતીહાસ – અગાઉ રાજસ્થાન મા જયપુર મા તથા મહારાષ્ટ્ર મા નાગપુર મા તથા કચ્છ મા માંડવી તથા ગાંધીધામ મા તથા સાબરકાંઠા ના હીંમતનગર મા આ રીતે છેતરપીંડી કરવાના ગુન્હા ઓમા પકડાય ગયેલ છે.

આ સમગ્ર કામગીરી મા નાયબ પોલીસ અધીક્ષક શ્રી જે.એમ. ભરવાડ સા. તથા  પો.સ.ઈ.  પી.જે. બાંટવા તથા પો.સ.ઈ. આર.એલ. ગોયલ તથા પો.હેડ.કોન્સ. ભુરાભાઈ માલીવાડ તથા પો.હેડ.કોન્સ. મહીપાલસીંહ ચુડાસમા તથા પો.હેડ.કોન્સ પંકજસિંહ જાડેજા તથા પો.કોન્સ નીલેશભાઈ ડાંગર તથા પો.કોન્સ. દિનેશભાઇ ખાટરીયા તથા પો.કોન્સ. રાજુભાઇ શામળા સામેલ રહેલ હતા.

(5) જેતપુર દાશી જીવણ પરા માં જુગાર નો કવોલિટી કેશ પકડી પાડતી જેતપુર સિટી પોલીસ...

રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબની સુચના  થી ના.પો.અધિ.શ્રી જે.એમ.ભરવાડ સાહેબ ના માર્ગદશન હેઠળ જેતપુર સીટી પી.આઈ  શ્રી વી.આર.વાણિયા સાહેબ ની સુચના થી HC સંજયભાઈ પરમાર , PC ભાવેશભાઈ ચાવડા , ચેતનભાઈ ઠાકોર રામજીભાઈ ગરેજા એમ બધા પેટ્રોલીંગ મા હતા તે દરમ્યાન હકિકત મળેલ કે જેતપુર દાશીજીવણ પરા કૃષ્ણ નગરમા

જાહેર માં જુગાર રમતા ઈસમોને જેતપુર  સિટી પોલીસે ઝડપી પાડ્યા જેમા (૧) હસમુખભાઈ સામતભાઈ  ભાદરકા (૨) રમેશભાઈ છનાભાઇ વાલવા (૩) અરજણભાઇ ખોડાભાઇ ભાદરકા (૪) સુરેશભાઈ હરદાસભાઈ ભાદરકા

રહે  તમામ જેતપુર દાશીજીવણ પરામાં વાળાઓને રોકડ રૂ.૧૩,૪૦૦/નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા કલમ ૧૨ મુજબ નો ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી.....

(6) પ્રેસનોટ

* પડધરી ટાઉન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેસ પકડી પાડતી પડધરી પોલીસ*

મ્હે પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી ગોંડલ ડિવિઝન ડી એમ ચૌહાણ સાહેબની સુચના મુજબ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી જુગાર અંગે ની બદીને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા સુચના આપેલ હોય જે અન્વયે પડધરી પો. સ્ટેના પો.સબ.ઇન્સ શ્રી જે વી વાઢિયા તથા સ્ટાફ નાઈટ રાઉન્ડમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો સબ ઇન્સ શ્રી જે વી વાઢીયા સાહેબ ને મળેલ હકીકત આધારે  પડધરી ટાઉન વિસ્તારના  મોટા રજપૂત વાસમાં  જાહેરમાં જુગાર રમતા  આરોપીઓને પકડી પાડી  જુગારધારા મુજબ  ધોરણ કાર્યવાહી કરવામાં આવેલ છે.

(1) નિલેશભાઈ કડવાભાઇ ગોહેલ રહે મોટા રજપૂત વાસ પડધરી
(2) સંજયભાઈ તેજાભાઈ પરમાર રહે બેડીયા પાર્ક પડધરી
(3) યશપાલ જેસીંગભાઇ ડોડીયા રહે મોટા રજપુત પડધરી
(4) એજાજ અબુભાઈ દલ રહે મોવયા ના ઢોરે પડધરી
(5) મિરલ રાઘવભાઇ ડોડીયા રહે મોટા રજપુત પડધરી
(6) દીલીપભાઇ અમૃતભાઇ ચગ રહે. લોહાણા વાડી પાસે પડધરી
(7) દોલુભાઇ સુરાભાઇ પરમાર રહે. શાંતિનિકેતન પાર્ક પડધરી

ઉપરોકત આરોપીઓ પાસેથી જુગાર નું સાહિત્ય તથા  કુલ રોકડા રૂ 36,040/- તથા  મોબાઈલ  નંગ 7 કિ.રૂ 24,000/- તથા  મોટર સાયકલ  નંગ  3 કિ.રૂ. 45,000/- મળી  કુલ  મુદ્દામાલ રૂ 1,05,040/- નો મુદ્દામાલ મળી આવેલ છે

આ કામગીરીમાં પો.સબ.ઇન્સ શ્રી જે. વી. વાઢીયા તથા એ.એસ.આઇ. જે.કે. ગઢવી તથા પો હેડ કોન્સ ફીરોઝભાઇ તથા પો.કોન્સ પ્રભાતભાઈ, જયેન્દ્રસિંહ, સંજયસિંહ, કૃપાલભાઇ, ડ્રાઈવર અનિરૂધ્ધસિંહ વિગેરે જોડાયા હતા

(7) પ્રેસનોટ  ૨૭/૦૯/૨૦૧૮

ગોંડલ તાલુકા વિસ્તારમાંથી ભુણાવા ગામની સીમમાંથી વિપુળ પ્રમાણમાં

વિદેશી દારૂનો જથ્થો પકડી પાડતી એલ.સી.બી. શાખા રાજકોટ ગ્રામ્ય, રાજકોટ

આજરોજ રાજકોટ ગ્રામ્ય પોલીસ વડા શ્રી બલરામ મીણા સાહેબની સુચના મુજબ ઇન્ચાર્જ પો.ઇન્સ. જે.એમ.ચાવડા તથા પો.સબ ઇન્સ. એચ.એ.જાડેજા તથા પો.સબ ઇન્સ. યુ.એચ.વસાવા તથા એલ.સી.બી. સ્ટાફના એ.એસ.આઇ. મહમદભાઇ ચૌહાણ તથા પો. હેડ કોન્સ. વિરાજભાઇ ધાધલ તથા પો.હેડ કોન્સ. મહિપાલસિંહ જાડેજા તથા પો.કોન્સ. જયેન્દ્રસિંહ વાઘેલા તથા

મનોજભાઇ બાયલ તથા મહેન્દ્રસિંહ સોલંકી તથા વિનયભાઇ રાજપુત સાથે મળી પ્રોહી જુગાર ના કેશો શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હકિકત આધારે ગોંડલ તાલુકાના ભુણાવા ગામની સીમમાં આવેલ હાર્દિકસિંહ ગીરીરાજસિંહ જાડેજાની વાડીએથી વિજયભાઇ ભીખાભાઇ જાદવ રહે- ગોંડલ વાળાનો વિદેશી દારૂ ના જથ્થા સાથે ભરતભાઇ ભીખાભાઇ જાદવ રહે- ગોંડલ, મહાકાળીનગર, સહજાનંદનગર વાળાને વિદેશી દારૂ ની બોટલ નંગ- ૨૫૪૪ કિં.રૂ. ૧૨,૮૫,૨૦૦/- તથા અન્ય મુદામાલ સાથે મળી કુલ મુદામાલ કિ.રૂ. ૧૪,૩૬,૨૦૦/- સાથે પકડી પાડી ગોંડલ તાલુકા પો.સ્ટે. માં ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહિ કરેલ છે.

(8) ====== સારી કામગીરી =======

દેશી દારૂ લીટર ૧૦૦ પકડીપાડતી જેતપુર તાલુકા પોલીસ

રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મિણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક જે.એમ.ભરવાડ સાહેબ જેતપુર વિભાગનાઓ તરફથી દારૂ તથા જુગારની બદીને સંપુર્ણ રીતે નેસ્તનાબુદ કરવા માટે સુચના આપેલ જે અન્વયે જેતપુર તાલુકાના પો.સબ.ઇન્સ. પી.જે બાંટવા પોલીસ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન સાથે ના પો. કોન્સ. રાજુભાઇ શામળા ને મળેલ હકીકત ના આધારે જેતલસર ગામ ચોકડી પાસેથી એક પિયાગો રિક્ષા મા કુલ ૪ ઇસમો મળી આવેલ (1) નરેશ પ્રેમજીભાઈ ચાવડા (2) ધવલ હરેશભાઇ મેઘનાથી (3) શિલ્પાબેન કિશોરભાઈ સોલંકી (4) રુબીબેન સાબીરભાઈ કારીગર રહે બધા જુનાગઢ વાળાઓને દેશી દારુ લીટર ૧૦૦ તેમજ પિયાગો રિક્ષા નંબર જી જે ૭ વી. ડબલ્યુ ૫૯૬૧ મળી કુલ મુદામાલ કી રૂ ૪૨000 ના સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે

આ કામગીરીમાં પો. સબ ઈન્સ. પી.જે. બાંટવા તથા પો.હેડ.કોન્સ ભુરાભાઇ માલીવાડ તથા પો. કોન્સ. નીલેશભાઇ ડાંગર , પો.કોન્સ રાજુભાઈ શામળા વિગેરે સ્ટાફ ના જોડાયા હતા.

(9) પોલીસ સમન્વય ન્યૂઝ આટકોટ.તા.૩૦/૦૯/૨૦૧૮

આટકોટ ના પાંચવડા ગામેંથી જુગાર રમતા ૧૩ શખ્સો ઝડપાયા.......

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ ની સૂચનાથી ગોંડલ Dyspડી.એમ.ચૌહાણ સાહેબ ના માર્ગદર્શન હેઠળ આટકોટ પો.સ્ટે.ના પી.એસ.આઈ.બી.એફ.ચૌધરી સાહેબ તથા ગોપાલભાઈ મોહનભાઈ ધાંધલ તથા નરેશભાઈ રાઠોડ તથા હિતેશભાઈ દેવરિયા તથા સુરેશભાઈ જાપડીયાઅમેબધાપો.સ્ટે.વિસ્તાર માં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાનપી.સી.ગોપાલભાઈ ધાંધલ ને હકીકત બાતમી આધારે આટકોટ ના પાંચવડા ગામે જુના ખરચીંયા ના રસ્તે આવેલ મહેન્દ્રભાઈ નાનાભાઈ વ્યાસ ની વાડી એ જુગાર રમતા ૧૩ ઇસમો પકડી પાડ્યા આરોપી ન (૧) લાભભાઈ કાનાભાઈ ડવ જાતે આહીર ઉ.વ.૪૯.રહે પાંચવડા (૨)રમેશભાઈ ઈશ્વરભાઈ ગોસાઈ જાતે બાવાજી ઉ.વ.૪૯ રહે વિસનગર (૩) મસાભાઈ દેવાભાઈ રાતળિયા જાતે ભરવાડ ઉ.વ.૩૭ રહે ખારચીંયાજામ (૪) ગોબરભાઈ દેવજીભાઈ હિરાણી જાતે પટેલ ઉ.વ.૭૦ રહે ખારચીંયાજામ (૫) કમલેશભાઈ નરશીભાઈ શેલિયા જાતે પટેલ ઉ.વ.૪૦ રહે આટકોટ (૬)મેરામભાઈ પથુંભાઈ જળું જાતે આહીર ઉવ.૫૪ રહે ઉમરાળી (૭) જેન્તીભાઈ કરમશીભાઈશેખલીયા જાતે પટેલ ઉવ.૪૩ રહે વિસનગર (૮)વજુભાઇ રાજાભાઈ ચાવડા જાતે આહીર ઉ.વ.૩૮ રહે મોટા દડવા (૯) ખોડાભાઈ પ્રેમજીભાઈ દાફડા જાતે દલિત ઉ.વ.૩૫ રહે જસાપર (૧૦) રણજીતભાઈ નારણભાઈ જળું જાતે આહીર ઉ.વ.૩૮ રહે ઉમરાડી (૧૧) ભવાનભાઈ અરજણભાઈ જાપડા જાતે ભરવાડ ઉ.વ.૩૦ રહે

હલેન્ડા (૧૨) વશરામભાઈ રૂડાભાઈ ગળીયા જાતે ભરવાડ ઉ.વ.૨૭ રહે વિસનગર (૧૩) મહેન્દ્રભાઈ નાનાલાલ વ્યાસ રહે પાંચવડા જસદણ તેમજ રોકડ રૂ.૫૧.૨૦૦/- તથા વાહનો ની કુલ કી.રૂ.૨.૭૦.૦૦૦/- કુલ.કી.રૂ.૩.૨૧.૦૦૦/- મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા કલમ ૪.૫.મુજબ ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી.........

(10)

REDMI NOTE5 PRO
CAMERA

પ્રેસનોટ

= જસદણ પો.સ્ટે વિસ્તારમા જુગારનો ગણના પાત્ર કેશ પકડી પાડતી જસદણ પોલીસ =

મ્હે. પોલીસ અધિક્ષક શ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી ગોંડલ ડિવીજન ડી.એમ.ચૌહાણ સાહેબની સુચના મુજબ પો.સ્ટે. વિસ્તારમા પ્રોહી જુગાર અંગેની બદીને સંપુર્ણ નેસ્ત નાબુદ કરવા સુચના આપેલ હોય જે અન્વયે જસદણ પો.સ્ટે.ના પો.ઈન્સ એ.બી.પટેલ તથા સ્ટફાના માણસો પ્રો એ.એસ.આઈ. જેન્તીભાઇ જાપડીયા તથા પો.હેડ.કોન્સ વિનુભાઇ વાસાણી તથા પો.કોન્સ જયસુખભાઇ સરીયા તથા પો.કોન્સ પ્રણ:યભાઇ સાવરીયા તથા પો.કોન્સ ભોળાભાઇ મકવાણા એમ બધા પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીગ દરમ્યાન જસદણના શાંતુભાઇ બાવકુભાઈ ખાચર પોતાની વાડીએ જાહેરમા તીન પત્તી રોન પોલીસનો જુગાર રમતા આરોપીઓને પકડી પાડી જુગાર ધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરવામા આવેલ છે આરોપીઓ નં-૧ ભરત ઉર્ફે ભુરો રામકુભાઇ કરપડા દરબાર તથા નં-૨ કિશોર દાદભાઇ વિંછીયા દરબાર તથા નં-૩ શાંતુભાઇ બાવકુભાઇ ખાચર દરબાર તથા નં-૪ લખમણભાઇ બેચરભાઇ ઢગલ રબારી તથા નં-૫ પ્રદિપભાઇ ગોવિંદભાઇ કાવઠીયા પટેલ તથા નં-૬ રણજીતભાઇ ઉર્ફે રણીયો ટકો અરવિંદભાઇ ચાવડા દરબાર તથા નં-૭ દિલિપભાઇ ધીરુભાઇ મહેતા બ્રહ્મણ તથા નં-૮ જીતેન્દ્રભાઇ નરેદ્રભાઇ ભટ્ટ બ્રાહમણ રે બધા જસદણ વાળાઓ પાસેથી જુગારનુ સાહિત્ય તથા રોકડા રુપીયા-૩૫૨૨૦/- તથા મોબાઈલ નંગ-૭ કિરૂ-૧૮૦૦૦/- તથા મો.સા.નં-૪ કિરૂ ૧૦૦૦૦૦/- મળી કુલ મુદામાંલ કિરૂ- ૧૫૩,૨૨૦/- નો મુદામાલ કબ્જે કરી આઠેય ઈસમો સામે જુ.ધા કલમ-૧૨ મુજબ ધોરણસરની કાર્યવાહી કરેલ છે

(11)

--:o:o: જસદણ પોલીસ સ્ટેશન :o:o:o:---

---:o:o: પ્રેસનોટ :o:o:o:---

આજરોજ પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી ડી.એમ.ચૌહાણ સાહેબ ગોંડલ વિભાગ ગોંડલ નાઓ દ્વારા અપહરણના ગુન્હામાં ભોગ બનનાર તથા આરોપીને શોધી કાઢવા તથા ભોગ બનનારને પરત મેળવવા અંગે સઘન પ્રયાસો કરવા બાબતે સુચના થઇ આવેલ હોય જે અંગે જસદણ પો.સ્ટે.ના પો.ઇન્સ.શ્રી એ.બી.પટેલ તથા હેડ.કોન્સ.મનસુખભાઇ જમોડ તથા પો.કોન્સ.મથુરભાઇ વાસાણી તથા મહિલા લોકરક્ષક ભારતીબેન ખિહડીયાનાઓને બાતમી આધારે હકીકત મળેલ કે (૧) જસદણ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૬૭/૨૦૧૮ આઇ.પી.સી. કલમ-૩૬૩,૩૬૬,૩૭૬,તથા પોકસો એકટ ક.૫(એલ),૬ મુજબના કામેના ભોગ બનનાર તથા આરોપીની વોચમાં હતા તે દરમ્યાન મળી આવેલ જેમાં સદરહુ ગુન્હાના આરોપી ચમન ઉર્ફે કાળુ ડો/ઓ સુરેશભાઇ મુલાણી જાતે કોળી ઉ.વ.૨૨ ધંધો-મજુરી રહે. શિવરાજપુર તા-જસદણ જી.રાજકોટ વાળાને અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ કરેલ છે.તેમજ નં- (૨) જસદણ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૬૯/૨૦૧૮ આઇ.પી.સી. કલમ-૩૬૩,૩૬૬,૩૭૬,તથા પોકસો એકટ ક.૫(એલ),૬ મુજબના કામેના ભોગ બનનાર તથા આરોપીની વોચ દરમ્યાન શોધી કાઢેલ અને સદરહુ ગુન્હાના આરોપી ખોડાભાઇ ખેતાભાઇ ડાભી જાતે લુવારીયા ઉ.વ.૨૩ ધંધો-મજુરી રહે. હાલ ભાડલા તા.જસદણ જી.રાજકોટ મુળ ગામે અમરેલી શિતલરોડ ગાયત્રીમંદીર પાછળ કવાર્ટરમાં જી.અમરેલી વાળાને અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ કરેલ છે.

(12)

# પોલીસ અધિક્ષકશ્રી
# રાજકોટ ગ્રામ્ય રાજકોટ

## જ્વેલર્સ પેઢીઓને ટાર્ગેટ બનાવી છેતરપીંડી તથા વિશ્વાસઘાત સાથે ઠગાઇ કરતી ટોળકીના માસ્ટર માઇન્ડને તેના સાગરીત સાથે પકડી પાડતી રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.બ્રાન્ચ

પોલીસ અધિક્ષક બલરામ મીણા સાહેબ રાજકોટ ગ્રામ્ય રાજકોટનાઓની કચેરી ખાતે તા.૨૪/૯/૧૮ ના રોજ ગોંડલ વેપારી એસોસીએશન,નાની બજાર,ગોંડલના વેપારીઓ રૂબરૂ આવી આવેદન પત્ર સાથે ફરીયાદ આપેલ કે અમારા ધંધાના સ્થળે ચીટર ટોળકી સક્રિય છે. તેમાં મુખ્યત્વે અમારી સાથે ગ્રાહકના સ્વાંગમાં આવીને વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરે છે. અને તેઓ ખોટા નામે અમારી સાથે મોબાઇલથી વાત કરી વિશ્વાસમાં લઇ અમારી સાથે ઠગાઇ કરે છે.તો આ શખ્સોના ત્રસમાંથી વેપારીઓને ઉગારવા અને માનસિક શાંતિ તેમજ સલામતી આપવા બાબતે રજુવાતો કરેલ. જે બાબતે પોલીસ અધિક્ષક રાજકોટ ગ્રામ્ય રાજકોટનાઓએ તાત્કાલીક આ કામે ગોંડલ સીટી પો.સ્ટે ફરીયાદ દાખલ કરી એસ.ઓ.જી. રાજકોટ ગ્રામ્ય રાજકોટને તપાસનો આદેશ આપેલ.

જે બાબતે પોલીસ અધિક્ષક બલરામ મીણા સાહેબ રાજકોટ ગ્રામ્ય રાજકોટનાઓની સુચનાથી એસ.ઓ.જી રાજકોટ ગ્રામ્યના પોલીસ ઇન્સપેકટર એમ.એન.રાણા તથા પો.સબ.ઇન્સ વાય.બી.રાણા તથા પો.હેડ.કોન્સ સંજયભાઇ નિરંજની તથા ઉપેન્દ્રસિહ જાડેજા તથા પો.કોન્સ દિનેશભાઇ ગોંડલીયા તથા ધર્મેન્દ્રભાઇ ચાવડા તથા રણજીતભાઇ ધાધલ તથા ડ્રા.પો.કો. સાહીલભાઇ ખોખર આમ બધા સદરહું તપાસમાં ગોંડલ તથા જેતપુર વિસ્તારમાં હોય અનેઆ કામનો મુખ્ય માસ્ટર માઇન્ડ આરોપી શૈલેષભાઇ છગનભાઇ ઉંધાડ રે.થાણા ગાલોલ વાળો પોતાના ગામમાં હોવાની ખાનગીરાહે  હકીકત મળતા તેના ગામ થાણા ગાલોલ તપાસ કરતા ગામેથી મળી આવેલ જેની પુછપરશ કરતા ગુન્હામાં તેની સાથે અશ્વિન ઉર્ફે અશોકભાઇ ચનાભાઇ ગુંદણીયા રે.જેતપુર વાળો હોય જેની તપાસ કરતા તે જેતપુર ત્રાકુડીપરા જડેશ્વર મંદીરની બાજુમાં થી મળી આવેલ આ બન્ને આરોપીઓને ગુન્હાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**આરોપીઓ:-**

- (૧)શૈલેષભાઇ છગનભાઇ ઉંધાડ જાતે પટેલ ઉવ.૩૭ રે.થાણા ગાલોલ તા.જેતપુર જી.રાજકોટ
- (૨)અશ્વિન ઉર્ફે અશોકભાઇ ચનાભાઇ ગુંદણીયા જાતે પટેલ ઉવ.૩૭ રે.હાલ પુજા ડીલક્સ સોસાયટી ખલીલપુર રોડ,જુનાગઢ મુળ રે.ત્રાકુડીપરા જડેશ્વર મંદીરની બાજુમાં જેતપુર

**આરોપીઓનો એમ.ઓ:-**

ફરીયાદી પાસેથી વારંવાર સોનું રોકડ નાણાથી ખરીદી કરી ફરીને વિશ્વાસ કરાવીને બાદ ફરીયાદીને વિશ્વાસ આવતા ચેક દ્વારા ખરીદી કરી ફરીયાદી ચેક બેંકમાં જમાં કરાવા જતા ખાતામાં પુરતા નાણા ન હોવાથી ચેક બાઉન્સ થયેલ.

**શૈલેષભાઇ છગનભાઇ ઉંધાડવિરૂધ્ધ ભુતકાળમાં દાખલ થયેલ ગુન્હા નીચે મુજબ છે.**

(૧) મહારાષ્ટ્ર પુનાના નિગડી પો.સ્ટે.માં સન્-૨૦૧૪ માં આઇ.પી.સી.ક.૪૦૬,૪૨૦ વિ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.
(૨) અમદાવાદ નરોડા પો.સ્ટે ૨૦૧૫ માં આઇ.પી.સી.ક.૪૦૬,૪૨૦ વિ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.
(૩) વલસાડ સીટી ટાઉન પોસ્ટેમાં ૨૦૧૫  માં આઇ.પી.સી.ક.૪૦૬,૪૨૦ વિ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.
(૪) ગોંડલ તાલુકા પો.સ્ટેમાં સને-૨૦૧૫ માં પ્રોહીબીશનનો ગુન્હો દાખલ થયેલ છે.
(૫) પોરબંદર કમલાબાગ પો.સ્ટે ૨૦૧૬ માં ફર્સ્ટ-૧૧૭/૧૬ આઇ.પી.સી.ક.૪૦૬,૪૨૦ વિ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.
(૬) પોરબંદર કમલાબાગ પો.સ્ટે ૨૦૧૬ માં ફર્સ્ટ-૧૧૮/૧૬ આઇ.પી.સી.ક.૪૦૬,૪૨૦ વિ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.
(૭) ભાવનગર મહુવા પો.સ્ટે ૨૦૧૭ માં આઇ.પી.સી.ક.૪૦૬,૪૨૦ વિ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.
(૮) ભાવનગર નીલમબાગ પો.સ્ટે ૨૦૧૭ માં આઇ.પી.સી.ક.૪૦૬,૪૨૦ વિ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.
(૯) સુરત શહેર ઉમરા પો.સ્ટેમાં ૨૦૧૭ માં આઇ.પી.સી.ક.૪૦૬,૪૨૦ વિ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.
(૧૦) આણંદ ટાઉન પો.સ્ટે ૨૦૧૭ માં આઇ.પી.સી.ક.૪૦૬,૪૨૦ વિ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.
(૧૧) જુનાગઢ બી-ડીવીજન પો.સ્ટે ૨૦૧૫ માં આઇ.પી.સી.ક.૪૦૬,૪૨૦ વિ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.
(૧૨) રાજકોટ સીટી માલવીયા પો.સ્ટે ૨૦૧૫ માં આઇ.પી.સી.ક.૪૦૬,૪૨૦ વિ મુજબ ગુન્હો દાખલ થયેલ છે.
(૧૩) જેતપુર તાલુકા પો.સ્ટેમાં સને-૨૦૧૮ માં જુગારધારનો ગુન્હો દાખલ થયેલ છે.